Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદ
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
DTRT, ઉપનાહ સ્વેદન, લેપન, વેદાગ્નિકર્મ, પંચકર્મ
EKLપંચકર્મ, પટ્ટબંધન, અગ્નિકર્મ, ક્ષારકર્મ, વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત: 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અધુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ: એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી: અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ ત્રીજ બુધવાર ૧૭ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૦૦

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# NEET ફેર પરીક્ષાને પગલે ટેલિગ્રામ પર ૨૨ જૂન સુધી બૅન

**આ** એપના મેસેજીંગ એડિટ ફીચરનો લાભ લઇને ઠગ તત્વો બનાવટી પેપરને લીક પેપર તરીકે દર્શાવી વિદ્યાર્થીઓ, વાલીઓ પાસેથી લાખો રૂપિયા પડાવતા હોવાનું જણાયું

**આ** એપના મેસેજ એડિટિંગ એપને પણ ૩૦મી સુધી ડીસેબલ રાખવા આદેશ

નવી દિલ્હી, ૧૬ જૂન(PTI): NEET-UG ૨૦૨૬ ની પુનઃપરીક્ષા પહેલાં સરકારે મંગળવારે ટેલિગ્રામ મેસેજિંગ એપ પર કામચલાઉ પ્રતિબંધ મૂક્યો છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA) ના જણાવ્યા અનુસાર, આ પગલું નકલબાજ રેકેટ અને ભ્રામક માહિતી પર લગામ લગાવવા માટે લેવામાં આવ્યું છે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA) ની ભલામણો પર કાર્યવાહી કરતા, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) એ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ ની કલમ ૬૯A હેઠળ એક નિર્દેશ જાહેર કર્યો છે. આ નિર્દેશ હેઠળ ભારતમાં ૨૨ જૂન, ૨૦૨૬ સુધીના એક મર્યાદિત સમયગાળા માટે ટેલિગ્રામ પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેમાં NEET (UG) ૨૦૨૬ ની પુનઃપરીક્ષાનો દિવસ અને તેના તરત પછીના સમયગાળાનો સમાવેશ થાય છે. NTA એ એક નિવેદનમાં જણાવ્યું છે કે, અન્ય એક અલગ નિર્દેશમાં ટેલિગ્રામને ૩૦ જૂન સુધી ભારતમાં પહેલેથી જ પોસ્ટ કરાયેલા મેસેજીસ માટે 'મેસેજ-એડિટિંગ' સુવિધા બંધ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ સુવિધાનો ઉપયોગ પ્લેટફોર્મ પર પરીક્ષા પૂરી થયા પછી નકલી પેપર લીકના પુરાવા ઊભા કરવા માટે કરવામાં આવતો હતો, જેને રોકવા આ પગલું લેવાયું છે. NTA એ જણાવ્યું કે, ૨૧ જૂન, ૨૦૨૬ ના રોજ યોજાનારી NEET (UG) ૨૦૨૬ની પુનઃપરીક્ષા આપનારા ઉમેદવારો સાથે છેતરપિંડી કરવા માટે નકલબાજ ગેંગ દ્વારા આ પ્લેટફોર્મનો સંગઠિત ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. તેને ધ્યાનમાં રાખીને જનહિત અને જાહેર વ્યવસ્થા જાળવવા માટે આ બંને પગલાં લેવામાં આવ્યા છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા કરવામાં આવેલી ભલામણો પર સક્રિયતા દર્શાવીને, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) એ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, 2000ની કલમ 69A હેઠળ

...અનુસંધાન પાના 11 પર




## Re-NEET 2026, Private Mafia જેવી ચેનલો છેતરપિંડી માટે અસ્તિત્વમાં આવી

NTA એ જણાવ્યું કે છેલ્લા કેટલાક અઠવાડિયામાં, આ પ્લેટફોર્મ પર "PAPER LEAKED NEET", "Re-NEET 2026", "Private Mafia", "REE NEET MAFIAA" જેવા નામોથી ખુલ્લેઆમ ચેનલો ચાલી રહી હતી જે તેમના હેતુની જાહેરાત કરતી હતી. આ ચેનલો પુનઃપરીક્ષાનું પેપર આપવાના બહાને ઉમેદવારો અને તેમના પરિવારો પાસેથી હજારોથી લઈને લાખો રૂપિયા સુધીની રકમની માંગણી કરી રહી હતી. મેસેજ-એડિટિંગ ફીચર બંધ કરવાના નિર્ણય અંગે સ્પષ્ટતા કરતા એજન્સીએ જણાવ્યું કે, આ ફીચર હાલના સ્વરૂપમાં ચેનલના એડમિનિસ્ટ્રેટરને જૂના પોસ્ટ કરેલા મેસેજ સુધારવાની મંજૂરી આપે છે, જેમાં મૂળ મેસેજનો દર્શાવેલ સમય (ટાઇમ-સ્ટેમ્પ) એ જ રહે છે પરંતુ તેની સાથે જોડેલી પીડીએફ જેવી ફાઇલો બદલી શકાય છે.

## સરકારના આદેશ પછી ગૂગલે પ્લે સ્ટોર પરથી ટેલિગ્રામ એપ ખસેડી લીધી

**એપલ** એપ સ્ટોરમાંથી પણ ખસેડી લેવાશે

**જેમણે** પહેલાથી આ એપ ડાઉનલોડ કરી લીધી છે તેમણે નિયંત્રણોનું પાલન કરવું પડશે

**મેસેજ** એડિટિંગ ફિચર ૩૦મી સુધી ડિસેબલ કરવા પણ ચાલતી ચર્ચા

નવી દિલ્હી, ૧૬ જૂન(PTI): સરકારી આદેશનું પાલન કરતા ગૂગલે તેની પ્લે સ્ટોર એપ પરથી મેસેજિંગ એપ ટેલિગ્રામને હટાવી દીધી છે અને એપલ પણ ટૂંક સમયમાં આવું કરે તેવી શક્યતા છે, તેમ આ ઘટનાક્રમથી માહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું.

સરકારે આગામી NEET પરીક્ષા દરમિયાન પેપર લીક થતું અટકાવવા માટે ગૂગલ અને એપલને તેમના એપ સ્ટોર્સ પરથી ટેલિગ્રામ એપને કામચલાઉ ધોરણે હટાવવાનો આદેશ આપ્યો છે. નામ ન આપવાની શરતે એક સૂત્રએ જણાવ્યું કે, સરકારે ગૂગલ અને એપલને કામચલાઉ ધોરણે આ એપને હટાવવા માટે કહ્યું છે. ગૂગલે તેમ કરી દીધું છે. એપલ પણ ટૂંક સમયમાં આવું કરશે. જ્યારે ગૂગલ પ્લે સ્ટોર પર તપાસ કરવામાં આવી ત્યારે એવો સંદેશ દેખાતો હતો કે આ એપ ઉપલબ્ધ નથી. ગૂગલ, એપલ અને ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY)ને મોકલવામાં આવેલા પ્રશ્નોનો કોઈ તાત્કાલિક જવાબ મળ્યો ન હતો.

NTAના ડાયરેક્ટર જનરલ અભિષેક સિંહે જણાવ્યું હતું કે, ૨૨ જૂન સુધી ટેલિગ્રામ પર લાદવામાં આવેલા નિયંત્રણો એ ૨૧ જૂનની રી-ટેસ્ટ કોઈ પણ પ્રકારની ગેરરીતિ વિના યોજાય તે સુનિશ્ચિત કરવાના પ્રયાસોનો એક ભાગ હતો.

સિંહે પીટીઆઈને જણાવ્યું કે, અમે કંઈપણ ખોટું થવા દઈશું નહીં. પરીક્ષા કોઈ પણ પ્રકારની ગેરરીતિ વગર લેવાય તે માટે અમે તમામ શક્ય પગલાં લઈશું. એન્ડ્રોઇડ ફોન યુઝર્સ જ્યારે ગૂગલ પ્લે સ્ટોર પરથી ટેલિગ્રામ એપ ડાઉનલોડ કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેમને આ એપ ઉપલબ્ધ નથી તેવો મેસેજ દેખાય છે. જે લોકોએ આ એપ પહેલાથી જ ડાઉનલોડ કરી લીધી છે, તેઓ તેનો ઉપયોગ

...અનુસંધાન પાના 11 પર



## ૧૬ મહિનામાં પ્રથમ વાર મોદી-ટ્રમ્પ રૂબરૂ મળ્યા

**બંનેએ** હસ્તધૂનન કર્યું અને ટૂંકી વાતચીત કરી, જો કે આ વખતે ભેટ્યા નહીં

**આજે** બંને વચ્ચે જી-૭ની સાઇડલાઇન પર દ્વિપક્ષીય બેઠક યોજાશે

એવિયન-લે-બેન્સ, તા. 16(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે G7 નેતાઓની બેઠક દરમિયાન પરસ્પર કુશળતા પૂછી હતી અને ટૂંકી વાતચીત કરી હતી. બંને દેશો વચ્ચેના સંબંધોમાં ચાલી રહેલી ખટાશ વચ્ચે છેલ્લા 16 મહિનામાં આ તેમની પ્રથમ પ્રત્યક્ષ મુલાકાત છે.

શક્તિશાળી દેશોના આ વર્ષના G7 શિખર સંમેલનના સ્થળ એવિયન-લે-બેન્સ ખાતે મોદી અને ટ્રમ્પે ઉષ્માભર્યું હસ્તધૂનન કર્યું હતું અને ત્યારબાદ ટૂંકી વાતચીત કરી હતી. જો કે નોંધપાત્ર રીતે આ વખતે મોદી ટ્રમ્પને ભેટ્યા ન હતા. આ સંમેલનની સરેરાશ વચ્ચે બુધવારે બંને નેતાઓ વચ્ચે એક સંપૂર્ણ દ્વિપક્ષીય બેઠક યોજાવાની છે. જો કે તેમની આ ટૂંકી મુલાકાતની વિગતો જાણી શકાઈ નથી, પરંતુ આ મુલાકાતે તેમની ઉચ્ચ સ્તરીય વાટાઘાટો માટે પૃષ્ઠભૂમિ તૈયાર કરી દીધી છે. ગયા મહિને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોની ભારત મુલાકાત બાદ, હવે બંને પક્ષો દ્વિપક્ષીય સંબંધોને ફરીથી મજબૂત કરવા તરફ જોઈ રહ્યા છે.

...અનુસંધાન પાના 11 પર



## દિલ્હી ડાયરી

### જમ્મુ-કાશ્મીર કોંગ્રેસમાં આંતરિક કલહ

કોંગ્રેસના બે કેન્દ્રીય નેતાઓનો પ્રભાવ ચોક્કસપણે ઘણો મોટો છે, પરંતુ જમીન સ્તરે તેમની નહિવત હાજરીએ જમ્મુ-કાશ્મીર કોંગ્રેસને સંગઠનાત્મક અને સત્તાધારી ગઠબંધન (ડૉ. ફારૂક અબ્દુલ્લાની નેશનલ કોન્ફરન્સ સાથે) બંને મોરચે ગંભીર કટોકટીમાં ધકેલી દીધી છે.

રાહુલ ગાંધી દ્વારા પસંદ કરાયેલા પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તારિક હામિદ કર્રા (જેઓ મુફ્તી મોહમ્મદ સઇદની પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના ભૂતપૂર્વ નેતા છે)એ ઓફિસમાં બે વર્ષ પૂર્ણ કર્યા છે અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના નજીકના સહયોગી સૈયદ નસીર હુસૈન, જેઓ જમ્મુ-કાશ્મીરના એઆઈસીસી પ્રભારી છે, તેઓ સંપર્ક વિહોણા (અસ્પૃશ્ય) બની ગયા છે. આ સ્થિતિના કારણે પક્ષમાં જૂથબંધીએ ફરીથી જોરશોરથી માથું ઊંચક્યું છે.

એક વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ છે જ્યાં એઆઈસીસીના ઘણા વરિષ્ઠ નેતાઓ વ્યૂહાત્મક અને સંવેદનશીલ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં ચાલી રહેલી ગંભીર સંગઠનાત્મક સમસ્યાઓથી વાકેફ છે, પરંતુ પોતાના પર જોખમ આવવાના કે નારાજગી વહોરવાના ડરથી તેઓ આ વાત ગાંધી કે ખડગે

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૫-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૯.૨° સે. | ૨૯.૪° સે. | ૩૯% |

## હવે પ્રિસ્ક્રિપ્શન વગર કોઈપણ સિરપનું વેચાણ બંધ

**હવે** ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના કફ સિરપ સહિતના તમામ સિરપો વેચી શકાશે નહીં

**નાના** ગામડાઓમાં પણ લાયસન્સવાળી દવાની દુકાન પર જ કફ સિરપનું વેચાણ કરી શકાશે, ડ્રગ્સ રૂલ્સમાં બીજા પણ અનેક સુધારા

**અનેક** દેશોમાં ભારતીય કફ સિરપથી બાળકોના મોતની ઘટનાઓ પછી ભરાયેલું પગલું

નવી દિલ્હી, ૧૬ જૂન (PTI): દવાઓની ગુણવત્તા અને દર્દીઓની સુરક્ષા અંગેની ચિંતાઓ વચ્ચે, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે દેશભરમાં ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના કફ સિરપ સહિતના તમામ સિરપના વેચાણ પર પ્રતિબંધ મૂકવા માટે નિયમોમાં સુધારો કર્યો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ પગલાનો હેતુ કફ સિરપ સહિત સિરપ આધારિત તમામ દવાઓને વધુ કડક નિયમનકારી દેખરેખ હેઠળ લાવવાનો છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, અગાઉ આ સુધારા પહેલાં, 'શેડ્યૂલ K'ની એન્ટ્રી નંબર ૧૩ હેઠળ ૧,૦૦૦થી ઓછી વસ્તી ધરાવતા ગામડાઓમાં રિટેલ વેચાણના ચોક્કસ લાયસન્સ નિયમોનું પાલન કર્યા વિના પણ કફ સિરપ વેચવાની મંજૂરી હતી. ઉક્ત એન્ટ્રીમાંથી સિરપ શબ્દ હટાવી દેવામાં આવતા, હવે કફ સિરપ માટે આ મુક્તિ ઉપલબ્ધ રહેશે નહીં.

નિવેદનમાં જણાવાયું છે કે, પરિણામે, નાના ગામડાઓમાં પણ કફ સિરપનું વેચાણ અને વિતરણ હવે માત્ર ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ અને તે હેઠળ બનેલા નિયમોની જોગવાઈઓ અનુસાર વિધિવત લાયસન્સ ધરાવતી દવાની દુકાનો દ્વારા જ કરવું ફરજિયાત રહેશે. આ સુધારો સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત 'ડ્રગ્સ (પાંચમો સુધારો) નિયમો, ૨૦૨૬' દ્વારા અધિસૂચિત કરવામાં આવ્યો છે. 'ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫'નું 'શેડ્યૂલ K' ચોક્કસ વર્ગની દવાઓ માટે 'ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦' અને તે હેઠળના નિયમોની કેટલીક જોગવાઈઓમાંથી મુક્તિ આપે છે. તે દવાઓની એવી શ્રેણીઓ નિર્દિષ્ટ કરે છે જેને નિર્ધારિત શરતોને આધીન રહીને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ અને નિયમો હેઠળ ઉત્પાદન, વેચાણ અને વિતરણ સંબંધિત કેટલીક જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવી છે. સરકાર દ્વારા ગત વર્ષે

...અનુસંધાન પાના 11 પર

## દેશના મહત્વના ઠેકાણાઓ પર ડ્રોન હુમલાની આશંકા: એજન્સીઓ એલર્ટ

**સરહદ** નજીકના અને અન્ય મહત્વના મથકોને ખતરનાક ડ્રોનથી બચાવવા એન્ટી-ડ્રોન સિસ્ટમ લગાવવામાં આવશે

**BSF** હેઠળની એક વિશેષ સમિતિ અને CISFની એક ટીમ સંવેદનશીલ સ્થળો પર કઈ સિસ્ટમ તૈનાત કરવી તે નક્કી કરશે

નવી દિલ્હી, તા. 16: કેન્દ્ર સરકાર દ્વારા એક ગંભીર ચેતવણી જાહેર કરવામાં આવી છે કે ભારતની સરહદો પર આવેલા મહત્વના અને સંવેદનશીલ ઠેકાણાઓ પર દુશ્મન દેશો દ્વારા ડ્રોન હુમલો કરવામાં આવી શકે છે. મીડિયા અહેવાલો અનુસાર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયના દરિયાઈ સુરક્ષા વિંગે જમીન અને દરિયાઈ સરહદો નજીક આવેલી મહત્વની રાષ્ટ્રીય સંપત્તિઓ તેમજ સૈન્ય મથકો પર ડ્રોન હુમલાની આશંકાને લઈને હાઈ એલર્ટ જાહેર કર્યું છે.

મંત્રાલય દ્વારા મોકલવામાં આવેલા સત્તાવાર પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને જોતાં એ સ્પષ્ટ છે કે દુશ્મનના ડ્રોન આપણા દેશના જરૂરી ઠેકાણાઓની કામગીરીને ઠપ કરી શકે છે. આથી, સરહદ નજીકના તમામ મહત્વના મથકોને ખતરનાક ડ્રોનથી બચાવવા માટે વહેલામાં વહેલી તકે એન્ટી-ડ્રોન સિસ્ટમ લગાવવા જેવા ઠોસ પગલાં લેવા પડશે. આ ચેતવણી બાદ દેશની તમામ સુરક્ષા એજન્સીઓ હરકતમાં આવી ગઈ છે અને સંવેદનશીલ સ્થાનોને સુરક્ષિત કરવા માટે એન્ટી-ડ્રોન સિસ્ટમ લગાવવાની કામગીરી શરૂ કરી દીધી છે.

આ સુરક્ષા સિસ્ટમની યોગ્ય ચકાસણી કરવા માટે ગૃહ મંત્રાલયે સરહદ સુરક્ષા બળ (BSF) હેઠળ એક વિશેષ સમિતિની રચના કરી છે. આ સમિતિ ભારત માટે સૌથી શ્રેષ્ઠ અને અસરકારક એન્ટી-ડ્રોન સિસ્ટમની તપાસ કરીને તેને મંજૂરી આપશે. હાલમાં BSF દ્વારા પાકિસ્તાન સરહદને અડીને આવેલા પંજાબના વિસ્તારોમાં આ સિસ્ટમો લગાવવાની તૈયારીઓ ચાલી રહી છે અને તેના માટેના ટ્રાયલ પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ (CISF)ની એક વિશેષ ટીમ પણ બનાવવામાં આવી છે, જેમાં સંરક્ષણ સંશોધન સંસ્થા (DRDO), ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) અને એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓ સામેલ છે. આ ટીમ દેશના વિવિધ મહત્વના સ્થાનોની મુલાકાત લઈ રહી છે અને તેમની

...અનુસંધાન પાના 11 પર

### તમિલનાડુનું પોર્ટ એન્ટી ડ્રોન અપનાવનાર પ્રથમ ભારતીય બંદર

તમિલનાડુના થૂથુકુડીમાં આવેલું વી.ઓ. ચિદંબરનાર પોર્ટ ફેબ્રુઆરી 2026માં આ અદ્યતન એન્ટી-ડ્રોન સિસ્ટમ અપનાવનાર દેશનું પ્રથમ બંદર બન્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રેડિયો ફ્રિકવન્સી અને રડાર આધારિત એક ખાસ સિસ્ટમ લગાવવામાં આવી રહી છે, જે આસપાસના 360 ડિગ્રીના વાતાવરણ પર નજર રાખીને દુશ્મનના ડ્રોનને ઓળખી લેશે અને તેને જામ કરીને નિષ્ક્રિય કરી દેશે.

## દિલ્હીમાં પાકિસ્તાન પ્રેરિત આતંકી નેટવર્ક ઝડપાયું

**શસ્ત્રો** અને ડ્રગ્સ સાથે 7 સાગરીતોની ધરપકડ દિલ્હીના સંવેદનશીલ સ્થળોની રેકી કરી તેના ફોટા-વીડિયો પાકિસ્તાન મોકલતા હતા

**પાકિસ્તાની** ગુપ્તચર સંસ્થા ISI સમર્થિત પાકિસ્તાની આંતવાદી સંગઠન માટે કામ કરતા હતા



નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): દિલ્હી પોલીસે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સક્રિય પાકિસ્તાન સમર્થિત એક મોટા આતંકી અને ગુનાહિત નેટવર્કનો પર્દાફાશ કરીને 7 સાગરીતોની ધરપકડ કરી છે.

આ આરોપીઓ પાકિસ્તાનથી સરહદ પારથી શસ્ત્રો અને માદક પદાર્થોની દાણચોરી કરતા હતા અને દિલ્હીના સંવેદનશીલ સ્થળોની રેકી કરીને તેના ફોટા પાકિસ્તાનમાં બેસેલા આકાઓને મોકલતા હતા. તપાસકર્તાઓના જણાવ્યા મુજબ, આ નેટવર્ક પાકિસ્તાનમાં રહેતા ગેંગસ્ટરમાંથી આતંકી બનેલા શહઝાદ ભટ્ટી અને તેના સાથી અજમલ ગુજ્જર માટે કામ કરતું હતું, જેમને પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ઈન્ટર-સર્વિસ ઈન્ટેલિજન્સ (આઈએસઆઈ)નું સમર્થન હોવાની આશંકા છે. આ ટોળકી પંજાબમાં ડ્રોન દ્વારા ફેંકવામાં આવતા ગેરકાયદેસર શસ્ત્રો અને ડ્રગ્સ મેળવીને તેને દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સપ્લાય કરતી હતી.

ધરપકડ કરાયેલા આરોપીઓની

...અનુસંધાન પાના 11 પર

## શિવસેના શિંદે જૂથનો દાવો, ઉદ્ધવ ઠાકરેના 7 સાંસદો સંપર્કમાં

**ચોમાસુ** સત્ર પહેલાં આ સાંસદો શિંદે જૂથમાં જોડાઈ શકે

**ઉદ્ધવ** ઠાકરેએ કહ્યું જો કોઈ પક્ષ છોડવા માગતુ હોય તો તેને રોકવામાં નહીં આવે

**સંજય** રાઉતનો દાવો પક્ષના તમામ સાંસદો એકજૂથ

મુંબઈ, તા. 16: શિવસેના શિંદે જૂથના નેતા કૃપાલ તુમાનેએ એક મોટો દાવો કર્યો છે કે ઉદ્ધવ ઠાકરે જૂથના 7 સાંસદો તેમના સંપર્કમાં છે. તેમણે જણાવ્યું કે 'ઓપરેશન ટાઇગર' અંતર્ગત છેલ્લા 1 મહિનાથી આ અંગે ચર્ચા ચાલી રહી છે જે હવે અંતિમ તબક્કામાં છે અને ચોમાસુ સત્ર પહેલાં આ સાંસદો શિંદે જૂથમાં જોડાઈ શકે છે.

આ દરમિયાન 14 જૂનના રોજ ઉદ્ધવ ઠાકરેએ પોતાના સાંસદોની બેઠક યોજી હતી, જેમાં તેમણે 2022ની બગાવતનો ઉલ્લેખ કરીને સ્પષ્ટ કહ્યું કે જો કોઈ પક્ષ છોડવા માગતું હોય તો તેને રોકવામાં નહીં આવે, તેઓ ખુશીથી જઈ શકે છે. મંગળવારે ઉદ્ધવ જૂથના સાંસદ સંજય દેશમુખે દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી પ્રતાપરાવ જાધવ સાથે મુલાકાત કરતાં આ અટકળો વધુ તેજ બની છે. જોકે, મીડિયા અહેવાલ મુજબ આ બેઠકમાં

...અનુસંધાન પાના 11 પર